Ontario

આરોગ્ય મંત્રાલય

# તમારી COVID-19ની રસી પછી શું?

સંસ્કરણ 2.0 માર્ચ 29, 2021

## હવે પછીના થોડાંક દિવસોમાં મારે શું અપેક્ષાઓ રાખવી?

- સામાન્ય આડ અસરોમાં જ્યાં સોય મારી હોય તે સ્થળે દુખાવો, લાલાશ, સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુનો દુખાવો, ધ્રુજારી, સાંધાનો દુખાવો, અને ઝીણો તાવનો સમાવેશ થાય છે.
- ગંભીર આડ અસરો ભાગ્યે જ જોવા મળે છે. જો રસી લીધાંનાં ત્રણ દિવસમાં નિમ્નલિખિત કોઈપણ એલર્જીક રીએકશનનાં લક્ષણો ઉદ્દભવે  તો તબીબ કે નર્સ પ્રેક્ટિશનરને તેની જાણ કરો અથવા નજીકના તાત્કાલિક સારવાર વિભાગમાં જાઓ. ફોલ્લીઓનાં ઝૂમખાં, ચહેરા કે મોઢાં પર સોજો, શ્વાસ લેવામાં તકલીફ, રંગ ખૂબ જ ફિક્કો પડી જવો, અને ગંભીર પણે ઘેન રહેવું, વધુ પડતો તાવ (40° સે. કરતાં વધારે), વાઈ/ખેંચ કે તાણ, અથવા અન્ય ગંભીર લક્ષણો (દા.ત. ઝણઝણાટી અથવા સુન થઈ જવું).
- અસ્ટ્રાઝેનેકા/કોવિશિલ્ડ રસી ભાગ્યે જ જોવા મળતી આડ અસર જે Vaccine-Induced Prothrombotic Immune Thrombocytopenia (VIPIT) **રસી પ્રેરિત પ્રોથ્રોમ્બોટીક ઈમ્યુન થ્રોમ્બોસાયટોપેનિયા (VIPIT)** તરીકે ઓળખાય છે તેની સાથે જોડાયેલ છે. જો રસી મળ્યા પછી તમને નિમ્નલિખિતમાંથી કોઈપણ વિપરીત આડ અસર ઉદભવે, કૃપા કરી તાત્કાલિક તબીબી દેખરેખ મેળવો. શ્વાસ રૂંધામણ, છાતીમાં દુખાવો, એક હાથ કે પગમાં સોજો કે ઠંડું પડી જવું, સતત પેટમાં દુખાવો, ગંભીર કે વધૂ ખરાબ થતો માથાનો દુખાવો અથવા ઝાંખું દેખાવું, અસંખ્ય નાનાં ચકામા, ચામડીની નીચે લાલ કે જાંબલી ટપકાં કે લોહીનાં ફોલ્લા.

## શું મારે હજુ પણ COVID-19નાં જાહેર આરોગ્ય નિયમનોનું પાલન કરવાનું રહેશે?

- COVID-19ની રસી એ તમને રોગ સામે સુરક્ષા પ્રદાન કરવાનો વધારાનો ઉપાય છે. COVID-19ની રસીનાં બન્નેમાંથી કોઈપણ ડોઝ મેળવ્યા પછી COVID-19નાં નિયમનોનું પાલન કરવાનું રહેશે જેમ કે, માસ્ક પહેરવાનું, શારીરિક અંતર, અને હાથની સફાઈ.
- COVID-19નાં લક્ષણોની દેખરેખ રાખવી અને જો લક્ષણો હાજર હોય તો પરીક્ષણ કરાવવું.

## મારે મારાં બીજાં ડોઝ માટે ક્યારે પાછાં આવવું જોઈશે?

- સંપૂર્ણ રૂપે પ્રતિકારકતા મેળવવા માટે રસીનાં બંને ડોઝ મેળવવા જરૂરી છે. જો આ તમારો COVID-19ની રસીનો થમ ડોઝ હોય તો, તમારાં રસી કરણ ક્લિનિક અથવા બુકિંગ સિસ્ટમની સૂચના મુજબ બીજો ડોઝ મેળવવાની ખાતરી કરો. તમને તમારી આજની COVID-19ની રસી કરણની પ્રિન્ટેડ રસીદ બીજી મુલાકાતે સાથે લેતાં આવજો.